
# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**




## દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**
Vol.2, Issue.15, August 2019


For Private Circulation Only






Dr. Shivendra Gupta
Vice-Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



## યુનિવર્સિટી ન્યુઝ

### જાહેરનામું



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act-16(I) Class-I Ex- Officio Member (A)(i) હેઠળ ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માનનીય કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રત તા. ૨૨–૦૭–૨૦૧૯થી તેઓશ્રી સદરહુ હોદ્દા પર ચાલુ રહે ત્યાં સુધીની મુદત માટે હોદ્દાની રૂએ આ યુનિવર્સિટીના Ex- Officio સેનેટ સભ્ય બને છે.

### કારગીલ વિજય દિવસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં તા. ૨૬–૭–૨૦૧૯ના રોજ કારગીલ યુદ્ધ વિજય દિવસની ઉજવણી કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. દરમ્યાન કારગીલ યુદ્ધ વખતે ભારતીય સેનાના કમાન્ડર રહેલા કર્નલ રાકેશ વસલે ૪૯માં ખાસ પદવીદાન સમારોહના સુવેનિઅરનું વિમોચન કર્યુ હતું. સમારોહમાં કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, ઈન્ચાર્જ કુલસચિવ અરવિંદ ધડુક, એનસીસીના કમાન્ડિંગ ઓફિસર અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે વિજય દિવસમાં કર્નલને જોવા માટે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પહોંચ્યા. મોટા ભાગના વિદ્યાર્થી એનસીસીના હતા.

કર્નલ રાકેશ વસલે જણાવ્યું હતું કે, કારગીલ યુદ્ધ સામાન્ય ન હતું. તે ભારતના સૈનિકોના શૌર્યનું પ્રતીક સમાન યુદ્ધ હતું. પાકિસ્તાન હિમાલયની તળેટીઓમાં બરફના પ્રદેશમાં પૂરી તૈયારી સાથે બેઠું હતું. તે સમયે ભારતીય સેનાએ માત્ર નાના હથિયારો અને હેન્ડ ગ્રેનેડ લઈને ત્યાં પહોંચવાનું હતું. બર્ફીલા પ્રદેશમાં સંતાઈને બેઠેલા પાકિસ્તાનના એક સૈનિકને ખદેડવા માટે ભારતના ૯ સૈનિકોત્યાં પહોંચે એ જરૂરી હતું, એટલે કે પાકિસ્તાનના ૫ હજાર સૈનિકો સામે ભારતને ૫૦ હજાર સૈનિકોની ત્યાં જરૂર હતી. એલઓસી ઓળંગીને ૧૫ થી ૬૦ કિલોમિટર અંદર ઘૂસેલા પાકિસ્તાનના સૈનિકોને ભારતીય સેનાએ શૌયપૂર્ણ લડત આપીને તેઓને ખદેડી દીધા હતા.

















CELEBRATES
DIVAS










NCC CADETS OF GUJARAT
DIRECTORATE
CELEBRATES
KARGIL VIJAY DIVAS







## ટેલેન્ટ ડેવલપમેન્ટ સેન્ટર (કર્ણાટક) ટ્રેનીગ



માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સેન્ટર ઓફ એકસલેન્સ ઈન સાયન્સ એન્ડ મેથેમેટીકસ સાયન્સ તરીકે ઘોષિત થયેલ અને દેશનું એક માત્ર ટેલેન્ટ ડેવલપમેન્ટ સેન્ટર, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સના નવા વિકાસ પામેલા કેન્દ્ર ચાલકેરે (કુદપરા) કર્ણાટક ખાતે કેન્દ્ર કાર્યરત છે. યુનિવર્સિટી અને અનુસ્નાતક કેન્દ્રમાં કાર્યરત પ્રોફેસરો માટે તા. ૧૫–૬–૨૦૧૯ થી તા. ૬–૭–૨૦૧૯ દરમ્યાન ૨૧ દિવસ માટે ટીચર્સ ટ્રેનીગ પ્રોગ્રામનું આયોજન થયેલ હતું. જેમાં, સમગ્ર દેશમાંથી ભૌતિકશાસ્ત્ર વિષય માટે ૨૧ પ્રોફેસરોની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ પૂર્ણકાલીન સમય માટેનો હતો. સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજના ૬:૩૦ સુધી વિષયમાં થયેલ વિવિધ સંશોધન અંગેની થીયરી અને પ્રાયોગીક કાર્ય કરાવવામાં આવતું હતું. ભૌતિકશાસ્ત્રમાં આપણાં દેશમાં વિકાસ પામેલા વિવિધ વિષયો જેવા કે ક્રાયોજીનેક, સુપર કન્ડીટીવીટી, થર્મોઈલેક્ટ્રીકસીટી અને ઈલેકટ્રોનીકસ અને વિવિધ થીયરોટીકલ ભૌતિકશાસ્ત્રને લગતા વિષયોની વિષદ ચર્ચા થયેલી હતી. ૨૦ દિવસમાં સરળતાથી યુનિવર્સિટી કક્ષાએ થઈ શકે તેવા ૩૦ પ્રયોગો કરાવવામાં આવેલ હતા અને લેવાયેલા અવલોકનોની ગણતરી અને ગ્રાફસ અને પરિણામો સીધા જ સોફટવેરના ઉપયોગથી કઈ રીતે કરી શકાય તે અંગેનું માર્ગદર્શન અપાયું હતું. હાલ ભૌતિકશાસ્ત્ર વિષયમાં વિવિધ પ્રકારના સોફટવેર અને તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ટ્રેનીગના અંતે પરીક્ષા યોજાઈ હતી. અંતે તેમાં યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા પ્રો. (ડૉ.) કે.સી.પોરીયાએ 'A' ગ્રેડ મેળવેલ હતો. હાલ સરકારશ્રી દ્વારા વિવિધ યુનિવર્સિટીઓના સ્નાતક કક્ષાએ સમાન અભ્યાસક્રમ તૈયાર કરવા વિચારી રહી છે. તેમાં આ ટ્રેનીગની ચર્ચા મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે તેમ છે.

## ફરિયાદ નિવારણ સેલ

યુ.જી.સી., નવી દિલ્હીના નોટીફીકેશન તથા ભારત કરકારના તા. ૬ મે ૨૦૧૯ના ગેઝેટના ક્રમાંક–૫ (ડી) અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી વિદ્યાર્થી ફરીયાદ નિવારણ સેલની રચના કુલપતિશ્રીએ તા. ૨૧/૫/૨૦૨૧ સુધી કરેલ છે. યુનિવર્સિટી વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સેલના સભ્યો નીચે મુજબ છે.

| ક્રમ | નામ અને સરનામું | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | **ડૉ. રાજેન્દ્ર પટેલ**<br>વિભાગીય વડાશ્રી,<br>શિક્ષણ વિભાગ,<br>વીર નર્મદ દક્ષિણ ગુજરાત<br>યુનિવર્સિટી, સુરત. | ચેરમેનશ્રી |
| ૨ | **ડૉ. એન.બી.પટેલ**<br>વિભાગીય વડાશ્રી,<br>રસાયણશાસ્ત્ર વિભાગ,<br>વીર નર્મદ દક્ષિણ ગુજરાત<br>યુનિવર્સિટી, સુરત. | સભ્યશ્રી |
| ૩ | **ડૉ. પૃથુલ દેસાઈ**<br>પી. ટી. સાયન્સ કોલેજ,<br>અઠવાગેટ, સુરત. | સભ્યશ્રી |
| ૪ | **ડૉ. વિનોદ પટેલ**<br>નવયુગ સાયન્સ કોલેજ,<br>રાંદેર રોડ, સુરત. | સભ્યશ્રી |
| ૫ | **ડૉ. ડી.સી.જોશી**<br>વિભાગીય વડાશ્રી,<br>ગણિતશાસ્ત્ર વિભાગ,<br>વીર નર્મદ દક્ષિણ ગુજરાત<br>યુનિવર્સિટી, સુરત. | સભ્યશ્રી |
| ૬ | **લાડ દીપ**<br>પી. ટી. સાયન્સ કોલેજ,<br>અઠવાગેટ, સુરત. | ખાસ આમંત્રિત સભ્ય<br>(વિદ્યાર્થી પ્રતિનિધિ) |

ફરિયાદ નિવારણ સેલનું કાર્યાલય શ્રીમતી કાશીબેન રામકિશન મુન્દ્રા સંસ્કાર કેન્દ્ર, લાઈબ્રેરી પાસે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

## હેલ્થ સેન્ટરમાં હોમિયોપેથિક ઓપીડીનો પ્રારંભ



તા. ૧૨/૭/૨૦૧૯ને શુક્રવારે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં હોમિયોપેથિક OPDનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું. આ OPDમાં ડોકટરની સેવા તથા દવા વિનામૂલ્યે ચંદ્રાવતિબેન ધનસુખલાલ પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડિસીન એન્ડ હોસ્પિટલ દ્વારા પૂરું પાડવામાં આવશે. જેનો યુનિવર્સિટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને દર શુક્રવારે બપોરે ૨:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન નિ:શુલ્ક OPDનો લાભ લઈ શકશે.

## Ph.D.

Notification Received in the University Library during the 18th May 2019 to 28th June 2019.

**BIOINFORMATICS.**
**(Faculty: Computer Science and Information Technology).**

1. Rachh, Maulik Harshadbhai. A Strategic Approach for Systematic Studies of Microrna Expression and Function inHuman Cancer. (Guide: Dr. P. V. Desai, Ex. Professor and Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2338.

**BIOSCIENCE (BIO TECHNOLOGY).**
**(Faculty: Science).**

2. Bhagat, Chintan Bipinchandra. Studies on Biomimetic Approach for CO2 Sequestration. (Guide: Dr. S. K. Tank, Professor and Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2337.
3. Chandal, Monika. Application of Biotechnology for the Bioremediation of Textile Effluent. (Guide: Dr. S. K. Tank, Professor and Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2336.

**BIOSCCIENCE (ZOOLOGY).**
**(Faculty: Science).**

4. Umrigar, Namrata Rajesh. Biodiversity and Ethological Study of Water Birds in and Around Surat City. (Guide: Dr. Arunkumar H. Dholakia, Associate Professor, Sir P.T. Sarvajanik College of Science, Athwalines, Surat). Ph.D. Notification No.2333.

**CHEMISTRY**
**(Faculty: Science).**

5. Ghaisas, Deepti Shreepad. Synthesis of Newer Diarylether Analogs as Antimicrobial and Antiviral Agent. (Guide: Dr. N.B.Patel, Professor and Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2331.
6. Modi, Shital Dilipbhai. Synthesis and Biological Evaluation of Thieno (2,3-D) Pyrimidine based Heterocyclic Compounds. (Guide: Dr. K.C.Patel, Ex. Professor and Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2339.
7. Pandya, Keyurkumar Manharbhai. Some Aspects of Novel Heterocyclic Compounds and their Microbicidal Activity. (Guide: Dr. Piyush S. Desai, Assistant Professor, Shri J.S. Bhakta and Shri K.M. Bhakta Arts and Shri A.N.Shah Science and Shri N.F. Shah Commerce College, Po : Kamrej Char Ratsa, Surat). Ph.D. Notification No.2346.

**COMPUTER SCIENCE**
**(Faculty: Computer Science and Information Technology).**

8. Shukla, Deepika. Study and Enhancing the Performance of Object-Fruit Recognition from Images. (Guide: Dr. Apura A. Desai, Professor and Head, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2348.

**COMMERCE/ACCOUNTANCY**
**(Faculty: Commerce).**

9. Shah,Mehulkumar Bharatbhai. A Comparative Study of Selected Companies of Fertilizer Industry of India. (Guide: Dr. K. N. Chavda, Principal, J. Z. Shah Arts and H. P. Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2345 (Modified).

**ECONOMICS**
**(Faculty: Arts).**

10. Khatrani, Asmitaben Bavchandbhai. હીરા ઉદ્યોગનાકારીગરો અને નિયોજકોની આવક, ખર્ચ અને જીવનધોરણનો અભ્યાસ (સુરત શહેરના સંદર્ભમાં). (Guide: Dr. Dilip L. Varsani, Principal, Shree J.B. Dharukawala Mahila Arts College, Varachha Road, Surat). Ph.D. Notification No.2332.
11. Patel, Chhaya Khushalbhai. નાના પાયાના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોની સામાજિક, આર્થિક સ્થિતિ: સુરત શહેરના સંદર્ભમાં એક અભ્યાસ. (Guide: Dr. Dhaval J. Pandya, Assistant Professor, Udhna Citizen Commerce College and S.P.B.C.B.A. and S.D.H.G. College of B.C.A. and I.T. Udha, Surat). Ph.D. Notification No.2344.

**GUJARATI**
**(Faculty: Arts).**

12. Patel, Dharmendrakumar Rameshchandra. મનુભાઈ પંચોળી અને ભગવતીકુમાર શર્માની નવલકથાઓના ગદ્યનો એક વિશ્લેષણાત્મક અભ્યાસ. (Guide: Dr. Arjunsinh Gadhvi, Assistant Professor, V.C.T. Mahila Arts and Commerce College, Dahegam-Manubar Road, Bharuch.) Ph.D. Notification No.2335.
13. Patel, Rachanabahen Ishverlal. ભારતીય નવલકથાઓમાં ગ્રામજીવન: એક અભ્યાસળ (પસંદગીની કૃતિઓના સંદર્ભે). (Guide: Dr. Jashubhai Patel, Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2340.

**HISTORY**
**(Faculty: Arts).**

14. Gajera, Bhavnaben Punambhai. An International Trade Centre of Gujarat during Seventeenth and Eighteenth Century: A Case Study of Port City Surat. (Guide: Dr. B. G. Desai, Shri J.S.Bhakta and Shri K.M. Bhakta Arts and Shri A.N. Shah Science and Shri N.F.Shah Commerce College, Kholwad, Kamrej Char Rasta, Surat). Ph.D. Notification No.2343.

**LIBRARY AND INFORMATION SCIENCE**
**(Faculty: Arts).**

15. Nittala, Padma. A Study on E-Learning Environment in the Select College and Department Libraries of Veer Narmad South Gujarat University Surat. (Guide: Dr. B.J. Ankuya, I/c. Librarian, Department of Library and Information Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D.Notification No.2342.

**SOCIOLOGY**
**(Faculty: Arts).**

16. Ali, Juma Haji Hossain. Building Sustainable Peace: Challenges and Opportunities in Afghanistan. (Guide: Dr. P. A. Abbasi, Ex. Professor and Head, Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2334.

## કોલેજન્યુઝ

### આંતરરાષ્ટ્રીય યોગદિવસ

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને તા. ૧૮, ૧૯ અને ૨૦–૬–૨૦૧૯ના રોજ યોગશિક્ષક શ્રી વિનોદભાઈ એન્જિનીયરે પ્રાણાયામ અને યોગાસનોનું નિદર્શન કરી સઘન તાલીમ આપી હતી. જે અંતર્ગત સરકારશ્રીના પૂર્વનિર્ધારિત આયોજન મુજબ વિવિધ પ્રકારનાં પ્રાણાયામ તથા યોગાસનો વિદ્યાર્થીઓને બતાવીને પ્રેકટીસ કરાવવામાં આવી હતી. તેમજ ૨૧મી જૂનના રોજ સરકારશ્રીના પૂર્વનિર્ધારિત આયોજન મુજબ વિવિધ પ્રકારનાં પ્રાણાયામ તથા યોગાસનોનું યોગશિક્ષક શ્રી વિનોદભાઈ એન્જિનીયરે વિદ્યાર્થીઓ સમક્ષ નિદર્શન કર્યુ હતું, તે મુજબ કોલેજના આચાર્યશ્રી, શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ પ્રાણાયામ તથા યોગાસનો કરી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. ચિરાગ એમ. ગુલાણી તથા પ્રા. દિપીકાબેન પી.લાડે ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો હતો.

૨.  "વિશ્વ યોગા દિવસ" નિમિત્તે તા. ૨૧/૬/૨૦૧૯ના રોજ સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, રિસર્ચ સેન્ટર અને હોમિયોપેથીક મેડીકલ એસોસીએશન ઓફ ઈન્ડિયા વ્યારા યુનિટ દ્વારા 'વિશ્વ યોગા દિવસ'ની ઉજવણી કોલેજના ઓડીટોરીયમમાં કરવામાં આવી. આ ઉજવણીમાં વિવિધ જાતના "યોગાસનો" કોલેજના ટીચીંગ સ્ટાફ, નોનટીચીંગ સ્ટાફ અને કોલેજના વિદ્યાર્થીઓ તથા હમાઈ યુનિટ વ્યારા મેમ્બર દ્વારા સવારે ૬:૦૦ કલાકથી ૭:૦૦ કલાક સુધી ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યા. તેમની કોલેજના નેચરોપેથી વિભાગના ડૉ. પિયુષ પંડયાના માર્ગદર્શન હેઠળ યોગાસનો કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોલેજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા કોલેજના પ્રિ. ડૉ. (શ્રીમતી) જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.






૩.  વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૬/૨૦૧૯ અને ૨૨/૬/૨૦૧૯ દરમ્યાન વિદ્યાર્થીનીઓ માટે યોગા અને મેડીટેશન વિષય પર સુરતના પ્રખ્યાત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા વર્કશોપનું અયોજન કરવામાં આવ્યું હતું. એમણે વિદ્યાર્થિનીઓને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તેમણે સમજાવ્યું હતું કે આત્માનું પરમાત્મા સાથે મિલન એટલે યોગ કે જેના દ્વારા 'સ્વ'ની ઓળખ કરી શકાય અને પોતાની આંતરીક શકિત જાગૃત કરી શકાય. એમણે એ પણ સમજાવ્યં હતુ કે યોગ ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ છે. તેમણે વિદ્યાર્થિનીઓને ધ્યાન, પ્રાણાયામ, પ્રજ્ઞા યોગ અને સૂર્ય નમસ્કાર પણ કરાવ્યા હતા.

તદ્ઉપરાંત તા. ૨૨/૬/૨૦૧૯ના રોજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ યોગા તથા મેડીટેશનના વિષય પર પોસ્ટર્સ બનાવી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં વિદ્યાર્થિનીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ઘોષિત કર્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યોગ સાધનાની મહત્તા સમજાવવાનો હતો. આ શિબિરમાં યોગ વિષે પ્રાયોગિક દ્રષ્ટાંત પૂરું પાડવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર પ્રો. કિષ્ના દેસાઈએ કર્યું હતું.








## વિશ્વ પર્યાવરણ દિવસ

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા, હમાઈ યુનિટ વ્યારા તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, તાપીના સંયુકત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી તા. ૬/૬/૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી. જેમાં કોલેજના શિક્ષકો, રેડક્રોસ તથા હમાઈ યુનિટ વ્યારાના સભ્યો દ્વારા વૃક્ષો વાવવામાં આવ્યા હતા તથા પર્યાવરણના જતન માટે વૃક્ષો, પાણીનો બચાવ તથા પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.






## વ્યાખ્યાન

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદ્દિશા કલબના ઉપક્રમે નારણલાલા કોલેજ, નવસારીના પ્રા. ડૉ. વિશાલભાઈ માળીએ "પોઝિટીવ એટીટયુટ એન્ડ ઈફેકટીવ કોમ્યુનિકેશન" વિષય પર વિચાર પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ તજજ્ઞશ્રીઓ વિશાલભાઈ તેમજ દિવ્યેશભાઈને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા તેમજ તેમને સ્મૃતિભેટ અપર્ણ કરી હતી. જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૨. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સપ્તધારાના જ્ઞાન ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ WIRC OF ICAI (સુરત બ્રાન્ચ) દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ઓડીટીગ અને GST વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સુરત બ્રાન્ચના ચેરમેન સી.એ. મિહિર ઠક્કર, સેક્રેટરી સી.એ. નવીન જૈન, સી.એ. રોનક પારેખ અને સી.એ. સિદ્ધિ પારેખ હાજર રહ્યા હતા.

આ સેમિનારમાં સી.એ. રોનક પારેખે GSTના નિયમો, જુદા જુદા રાજયોમાં તેની સ્થિતિ અને તેનું અમલીકરણ તેમજ GSTથી એકંદરે પરોક્ષ વેરામાં કઈ રીતે ઘટાડો થાય છે તે વિષે વિદ્યાર્થિનીઓને સ્પષ્ટ રીતે સમજાવ્યું હતું. તેની સાથે સી.એ. સિદ્ધિ પારેખે ઓડીટીગનો અર્થ, તેના મૂળભૂત સિધ્ધાંતો, ઓડીટીગના પ્રકારો તેમજ ઓડીટર દ્વારા કરવામાં આવતી સમગ્ર ઓડીટ પ્રક્રિયા ઝીણવટપૂર્વક સમજાવી હતી. સાથે સાથે ઓડીટ પ્રોગ્રામ, ઓડીટ વર્કિંગ પેપર અને ઓડીટ નોટબુક વિશે પણ વિદ્યાર્થીનીઓને સચોટ માહિતી પૂરી પાડી હતી.

આ સેમિનારમાં બી.કોમની ૩૦૦ વિદ્યાર્થિનીઓએ લાભ લીધો હતો. આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ WIRC OF ICAIના સભ્યો તથા અતિથિવ્યાખ્યાતા સી.એ. રોનક પારેખ અને સી.એ. સિદ્ધિ પારેખનો આભાર વ્યકત કર્યા હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. કિષ્ના દેસાઈએ કર્યું હતું.





૩. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૧૧/૭/૨૦૧૯ને ગુરૂવારના રોજ સિનિયર એડવોકેટ શ્રી કેતનભાઈ ઉપાધ્યાયનું "શિક્ષણ અને કાયદાની જાણકારી" વિષય પર અસરકારક વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમનો શુભારંભ સુંદર સામૂહિક પ્રાર્થનાથી થયો. ત્યારબાદ કોલેજના પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મુખ્ય વકતા શ્રી કેતનભાઈ અને પધારેલ મહેમાનશ્રીઓ શ્રી રાજેશભાઈ (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, બીલીમોરાના સંવાહક), શ્રી હિતેશભાઈ અને હેમંતભાઈનો પરિચય આપી તેમનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતાં સમજાવ્યું હતું કે, કાયદાની આજના જમાનામાં શું ભૂમિકા છે અને ભાવિ શિક્ષકોને તે કેવી રીતે ઉપયોગી બની શકે. ત્યારબાદ મુખ્ય વકતા શ્રી કેતનભાઈએ પોતાના અનુભવ અને જ્ઞાનના આધારે આજના સમયમાં કાયદાની પરિસ્થિતિ શું છે ? તેનો ઉપયોગ કયારે અને કેવી રીતે કરવો જોઈએ ? ભાવિ શિક્ષકો, વિદ્યાર્થીઓ, વંચિતો, પીડિતો, ખેડૂતો, ગરીબ ગ્રામજનો માટે ઉપકારક કાયદાની જાણકારીનો પ્રચાર–પ્રસાર કેવી રીતે કરી શકે તેની વિવિધ ઉદાહરણો આપી ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે કેટલાક કાયદાની વાતો કરી હતી. અંતે થયેલ પ્રશ્નોત્તરીમાં પ્રશિક્ષણાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહથી ભાગ લઈને કાર્યક્રમને વધુ ઉપયોગી અને અસરકારક બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કિરીટભાઈ ચૌહાણે કર્યુ હતું અને આભારવિધિ ડૉ. ફાલ્ગુનીબેન વાંસિયાએ કરી હતી.

## સેમિનાર

૧. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સપ્તધારાના સમુદાય સેવા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ માટે હરિદ્વારની પતંજલી યોગા કમિટિના યોગા ટ્રેનર પ્રો. જીવણભાઈ પટેલ દ્વારા યોગા અને મેડીટેશન વિષય પર સેમિનારનું અયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં એમણે વિદ્યાર્થિનીઓને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તેમણે સમજાવ્યું હતું કે આત્માનું પરમાત્મા સાથે મિલન એટલે યોગ કે જેના દ્વારા 'સ્વ'ની ઓળખ કરી શકાય અને પોતાની આંતરીક શકિત જાગૃત કરી શકાય. એમણે એ પણ સમજાવ્યં હતુ કે યોગ એક ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ છે. તેમણે વિદ્યાર્થિનીઓને ધ્યાન, પ્રાણાયામ, પ્રજ્ઞા યોગ અને સૂર્ય નમસ્કાર પણ કરાવ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતું યોગ સાધનાની મહત્તા સમજાવવાનો હતો. આ સેમિનારનો લાભ લગભગ ૧૫૦ વિદ્યાર્થિનીઓએ લીધો હતો. આ શિબિરમાં વકતવ્ય આપવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે શ્રી જીવણભાઈ પટેલનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર પ્રો. કિષ્ના દેસાઈએ કર્યુ હતું.



૨. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા.૧૯–૦૭–૨૦૧૯ને શુક્રવારના રોજ સુરત ટ્રાફિક પોલીસ, લાયન્સ કલબ ઓફ સુરત સ્પંદન, લીયો કલબ ઓફ સુરત સ્પંદન, લાયન્સ કલબ ઓફ સુરત સીટી લાઈટ, લીયો કલબ ઓફ સુરત સીટી લાઈટ, રેડીયો એફ.એમ. ૯૪.૩ના સહયોગથી રોડ સેફટી અને ટ્રાફિક અવરનેસ કાર્યક્રમનું આયોજન થયું હતું. મુખ્ય વકતા તરીકે ટ્રાફીક પોલીસના પોલીસ ઈન્સ્પેકટરશ્રી કિરીટભાઈ સાવલીયા, પોલીસ સબ–ઈન્સ્પેકટર પી.એલ.આહિરે ટ્રાફિકના નિયમો ૪૦૦ વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વાહનો લઈને આવતા વિદ્યાર્થીઓને કોલેજમાં ફરજીયાત લાયસન્સ અને હેલમેટ પહેરવાની સલાહ આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મેહુલ શાહ, પ્રા. ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યુ હતું. ઉદઘોષક તરીકે પ્રા. રોહિત ચૌહાણએ કર્યુ હતું અને આભારવિધિ પ્રા. મેઘા મહેતાએ કરી હતી.

કાર્યક્રમમાં My F.M. 94.3ના RJ પ્રતિજ્ઞા દવે, રીજીયન ચેરમેન લાયન મોનાબેન દેસાઈ, ઝોન ચેરમેન લાયન જીતુભાઈ દેસાઈ, ડિસ્ટ્રીકટ કેબીનેટ મેમ્બર અંજલીબેન દેસાઈ, લિયો કલબ ઓફ સીટી લાઈટના રાહિલ ગજજર, લીયો કલબ ઓફ સુરત સ્પંદનના પ્રમુખ રવી સેજલીયા અને વિવિધ લાયન્સ કલબના પદાધિકારીઓ, અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો, શૈક્ષણિક અને વહીવટી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.











## વર્કશોપ







૧. ભારત સકારા દ્વારા હાથ ધરાનાર ૭મી આર્થિક ગણતરી અન્વયે ટ્રેનિંગ વર્કશોપ રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમવાર ૭મી આર્થિક જનગણના મોબાઈલ એપ્લિકેશન દ્વારા કરાશે. તેના માટે કેન્દ્ર સરકારના CSC E-Governance મારફત જુન માસની ૭મી આર્થિક જનગણના માટે શ્રેતીય તથા સુપરવિઝન કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ૭મી આર્થિક ગણતરી આઈ.ટી. પ્લેટફોર્મના આધારે કરવાનું નક્કી થતા સૌ પ્રથમવાર મોબાઈલ એપ્લિકેશન દ્વારા ગણતરી હાથ ધરાશે. જેની આજ રોજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સેમિનાર હોલમાં તાલીમ રાખવામાં આવી હતી. જેમાં CSC-VLE અને Enumerator મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં જીલ્લા આંકડા અધિકારી, NSSO, SSOના અધિકારી તથા અમરોલી કોલેજના આચાર્યશ્રી પ્રિ.ડૉ.કે.એન.ચાવડા હાજર રહ્યા હતા તથા માર્ગદર્શન પણ આપ્યુ હતું. આ વર્કશોપનું આયોજન સુરત જીલ્લાના ડિસ્ટ્રિક્ટ મેનેજરશ્રી તુષાર બેલડીયા, શ્રી ગૌરવ પટેલ, ડિસ્ટ્રકટ કો–ઓર્ડિનેટરશ્રી સુરેશ ગોહિલ દ્વારા કરાયુ હતું.

૨. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૯–૬–૨૦૧૯ થી ૩૦–૬–૨૦૧૯ના રોજ બે દિવસીય ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુલ 52 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન સમારંભ તા. ૨૯–૬–૨૦૧૯ના રોજ સવારે ૯:૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં મહેમાન તરીકે લાયન પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, લાયન ભરત લોચાવાલા, લાયન પિન્ટુ પસ્તાગીયા હાજર રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારંભનું સફરળતા પૂર્વક સંચાલન લાયન મોના દેસાઈએ કર્યુ હતું. તા. ૩૦–૬–૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમાપન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડિસ્ટ્રીકટ ગવર્નર ૨૦૧૮–૧૯ લાયન સંજીવ કેસરવાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યક્રમમાં હાજર રહી તમામ તાલીમાર્થીઓને આશીર્વચન આપ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમના હૃદય સમા ટ્રેનર શ્રી પ્રિતીબેન ઝવેરીએ તાલીમાર્થીઓને ખૂબ જ ઉપયોગી એવી તાલીમ આપી હતી. સમાપન કાર્યક્રમનું સંચાલન લાયન મોનાબેન દેસાઈ તેમજ પ્રો. પ્રિતીબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ પ્રા. ચંદ્રેશ મહેતા દ્વારા કરવામાં આવી હતી. સાયન્સ કલબ સીટી લાઈટ તેમજ લાયન્સ કલબ સ્પંદન અમરોલી કોલેજ પરિવાર તેમજ જીવન જયોત ટ્રસ્ટને આ તક ઝડપવા માટે આભારની લાગણી વ્યકત કરી હતી.






૩. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં 'સપ્તધારાના સર્જનાત્મક અભિવ્યકિતધારા' અંતર્ગત ઓલ ગુજરાત વિમેન્સ ઓર્ગેનાઈઝેશન–"શકિતમંચ" દ્વારા 'બ્યૂટી અને ચોકલેટ મેકિંગ' વિષય પર આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ તા. ૧૮/૪/૨૦૧૯ થી ૨૭/૪/૨૦૧૯ દરમ્યાન વિદ્યાર્થિનીઓ માટે વર્કશોપનું અયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં ઓલ ગુજરાત વિમેન્સ ઓર્ગેનાઈઝેશન ગુજરાતના હેડ શ્રી કૌશિક તન્ના અને બ્યૂટીશીયન શ્રીમતી સુષ્મા પાટીલ દ્વારા વિદ્યાર્થિનીઓને બ્રાઈડલ મેક–અપ, હેર કટિંગ, હેર–સ્ટાઈલ, મહેંદી, ફેશિયલ, આઈ બ્રો, વિવિધ જાતની ચોકલેટ જેમ કે ડેરી મિલ્ક, કિટ કેટ, ફાઈવ સ્ટાર, ટુ ઈન વન વગેરે શીખવાડવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં કલાક્ષેત્રે સર્જનાત્મકતા અને કલ્પનાશકિત કેળવવાનો હતો. વર્કશોપના અંતિમદિવસે વિદ્યાર્થિનીઓને વર્કશોપમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેરીઅર ગાયડન્સ સેલના કો–ઓર્ડિનેટર પ્રો. નંદા બોથરાએ કર્યું હતું.




## કમ્પ્યૂટર કોર્સીસ વેકેશન બેચ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ ડિજીટલ ઈન્ડિયાના ભાગરૂપે મહિલાઓ માટે કમ્પ્યૂટર કોર્સીસના વેકેશન બેચનું આયોજન ૨૪મી એપ્રિલથી કરવામાં આવ્યું છે. આ વેકેશન બેચમાં એન.આઈ.ઈ.એલ.ટી. દ્વારા પ્રમાણિત CCC, Tally, ERP 9 સોલ્યુશન્સ પ્રા.લી. દ્વારા પ્રમાણિત ટેલી વિથ જી.એસ.ટી., વેબ ડીઝાઈનર એન્ડ ડેવલપમેન્ટ, ગ્રાફિક ડીઝાઈનીગ, ડેટા એન્ટ્રી ઓપરેટર, ડિજીટલ માર્કેટિંગ અને યુ.એસ. કાઉન્સિલ યુ.એસ.એ. દ્વારા પ્રમાણિત 'સાઈબર સીકયુરીટી ફન્ડામેન્ટલ'

જેવા વિવિધ કોર્સીસની ટ્રેનીગ આપાવમાં આવશે. આજના આધુનિક જમાનામાં દરેક કાર્યક્ષેત્રમાં કમ્પ્યૂટર સ્કીલ વાળી વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવે છે જેથી આ પ્રકારના કોર્સીસ મહિલાઓને સ્વનિર્ભર થવા માટે મદદરૂપ થશે. આ તમામ કોર્સીસનું રજીસ્ટ્રેશન ધોરણ ૧૨ પાસ થયેલ કોઈ પણ મહિલા અઠવાગેટ પર આવેલી વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં આવી કરી શકે છે.

## એવોર્ડ




તાજેતરમાં દિલ્લી ખાતે ઓલ ઈન્ડિયા એચીવર્સ ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર શિક્ષકોને ટ્રોફી અને સર્ટીફીકેટ આપી સન્માનિત કરાયા હતા. આ એવોર્ડ સમારોહમાં વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં ઈ.સ. ૨૦૦૮થી આચાર્યા તરીકે કાર્યરત ડૉ. અભિલાષા અગરવાલને 'આઉટસ્ટેન્ડીગ એચીવમેન્ટ એવોર્ડ ફોર એજયુકેશન એક્ષેલન્સ' સિક્કિમના પૂર્વ ગર્વનર શ્રી બી.પી.સિંઘ અને પુડુચેરીના પૂર્વ ગર્વનર ડૉ. ઈકબાલ સિંઘના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. અગરવાલ છેલ્લા ૨૧ વર્ષથી વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં કાર્યરત છે. આ યશસ્વી કારકિર્દી દરમ્યાન તેમણે શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થિનીઓના બહુ આયામી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બીઈંગ હ્યુમન ડોનેશનવીક, મહિલાઓ માટે સેલ્ફ ડિફેન્સ કેમ્પ્સ, બ્લડ ડોનેશન વિગેરે હાથ ધરી છે. વિદ્યાર્થિનીઓને ભણતરની સાથે જોબ મળે એના માટે વિવિધ વોકેશનલ કોર્સીસ પણ એમના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૦ વર્ષથી ચલાવવામાં આવે છે. એમના સંનિષ્ઠ પ્રયાસોને કારણે સન ૨૦૧૮માં કોલેજને યુ.જી.સી. એકટની કલમ ૨ (એફ) ૧૨ (બી) હેઠળ માન્યતા પણ પ્રાપ્ત થઈ હતી. આ એવોર્ડ મેળવવા બદલ કોલેજ પરિવાર અને વનિતા વિશ્રામ સંસ્થાના ટ્રસ્ટી તથા સ્ટાફના સભ્યોએ ડૉ. અભિલાષા અગરવાલને અભિનંદન પાઠવ્યા હતા.

## રાષ્ટ્રીય સેવા યોજના

તા. ૨૬–૬–૨૦૧૯ના રોજ બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓનો સંયુકત રકતદાન શિબિર વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના કોન્ફરન્સ હોલમાં યોજાઈ હતી. જેમાં એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ૭ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ હતું. આ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## ગુરૂપૂર્ણિમા




સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા તથા હમાઈ વ્યારા યુનિટ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી. આ કાર્યક્રમની શરૂઆત ગુરૂવંદના તથા હોમિયોપેથીના પ્રણેતા ડૉ. હનેમાનને પૂષ્પ અર્પણ તથા હનિમેનીયન પ્રતિજ્ઞા દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ કાર્યક્રમમાં મુખ્ય આકર્ષણ એવા કવીઝ કોમ્પીટીશન તેમજ હોમિયોપેથીક દવાની મોનોએકટીગ સ્પર્ધા શરૂ થઈ. કવીઝમાં પ્રથમ વિજેતાને રૂા. ૨૦૦૦/– તથા દ્વિતિય ક્રમને રૂા. ૧૫૦૦ રોકડા પુરસ્કાર અપાયા હતા. હોમિયોપેથીક દવાની મોનો એકટીગ સ્પર્ધા દ્વિતિય તેમજ તૃતિય બી.એચ.એમ.એસ.ના વિદ્યાર્થીઓએ જોરદાર

અભિનય કરી ખૂબ જ રોમાંચક બનાવી હતી. દરેક વર્ગના પ્રથમ ક્રમે આવનારને રૂા. ૧૫૦૦/– તથા દ્વિતિય ક્રમે આવનારને રૂા. ૧૦૦૦/–ના રોકડ પુસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા. મોનો એકટીંગના નિર્ણાયકોને હમાઈ વ્યારા યુનિટ તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી. કોલેજના તમામ શિક્ષણગણનું ફુલો તથા નાનકડી સ્મૃતિભેટ દ્વારા અભિવાદન કર્યાબાદ સહુ રાષ્ટ્રગીત ગાઈને છૂટા પડયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન ડૉ. હીમા પંડયા તથા તેની ટીમ દ્વારા પ્રિ. ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## લાયબ્રેરી ઉદ્દ્ઘાટન





જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૪ જુલાઈ, ૨૦૧૯ના રોજ લાયબ્રેરીનું ઉદ્દ્ઘાટન જીનવ જયોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું જેમાં કોલેજના માદન્મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ સોલંકી, કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. એન. ચાવડા તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજની લાયબ્રેરીને આધુનિક બનાવવામાં આવી અને વિદ્યાર્થીઓ વધુને વધુ તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી લાયબ્રેરીમાં વિદ્યાર્થીલક્ષી બધા જ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

## કોર્સ મંજૂરી

સુરતની જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC, Delhi) દ્વારા બી.વોક, એમ.વોક અને ડિપ્લોમાં કોર્સને દક્ષિણ ગુજરાતમાં એક માત્ર કોલેજને વર્ષઃ ૨૦૧૯–૨૦ માટે મંજૂરી આપી છે. વધુમાં જણાવતા પ્રિ. ડૉ. કે. એન. ચાવડાએ જણાવ્યું કે, આ કોર્સ સ્કિલ બેઈઝ હોવાને કારણે તાત્કાલિક ધોરણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત માટે સૈધ્ધાંતિક મંજૂરી મેળવી શકાશે. જેથી દક્ષિણ ગુજરાતમાં સેંકડો વિદ્યાર્થીઓ આ નવિનતમ કોર્સથી કૌશલ્યપૂર્ણ જ્ઞાન મેળવશે, જેથી હજારો વિદ્યાર્થીઓને રોજગારી મળશે.

તા. ૨૩/૦૭/૨૦૧૯ના યુજીસીના નોટિફિકેશન પ્રમાણે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીને નીચે દર્શાવ્યા મુજબના કોર્ષની મંજૂરી મળેલ છે.

**B. Voc.** – બેચલર ઓફ વોકેશનલ કોર્સ, ઈન

(૧) રિટેલ મેનેજમેન્ટ
(૨) બેંકિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસીઝ

**M. Voc.** – માસ્ટર ઓફ વોકેશનલ કોર્સ, ઈન

(૧) બેંકિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસીઝ

**Diploma** – ડિપ્લોમાં કોર્સ ઈન

(૧) ઈવેન્ટ મેનેજમેન્ટ (Event Management)
(૨) ગુડસ્ એન્ડ સર્વિસ ટેક્ષ (GST)

પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ વધુમાં ઉમેરતા જણાવ્યું કે, છેલ્લાં બે વર્ષથી આ કોર્સ માટે કોલેજે પ્રયત્નો કર્યા હતા. આ કોર્સના સિલેબસ અને સ્ટ્રકચર કોલેજના પ્રાધ્યાપકો ડૉ. ગિરીશકુમાર રાણા, પ્રા. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ, ડૉ. મયંક સોઢાના પ્રયત્નોથી તૈયાર કરવામાં આવ્યા છે. ટુંક સમયમાં યુર્નિવર્સિટીની સૈધ્ધાંતિક મંજૂરી બાદ વિવિધ કોર્સો માટે વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા તેમજ એક અલાયદી વ્યવસ્થા કરવાનો અમારા પ્રયત્નો રહેશે. આ કોર્સમાં ૭૦% ક્રેડિટ પોઈન્ટએ ઈર્ન્ટનશિપ તેમજ સેમિનાર, કોન્ફરન્સ, સિમ્પોઝીયા જેવા અલગ અલગ પ્રોજેકટોની તૈયારી ચાલે છે. અમારો ઉદ્દેશ સરકારની નીતી અને મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દીર્ઘદષ્ટિ પ્રમાણે અને મા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સ્વપ્ન પ્રમાણે આ કોલેજ દક્ષિણ ગુજરાતમાં એક સારો રોજગાર ઊભો કરવાનો પ્રયત્નો કરશે. નોડલ ઓફિસર તરીકે પ્રા. ચિરાગ સિધ્ધપુરીયાની પસંદગી કરવામાં આવી છે.

## પીએચ.ડી.



નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદમાં ગુજરાતી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા રચનાબહેન ઈશ્વરલાલ પટેલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં રજૂ કરેલ મહાશોધનિબંધ "ભારતીય નવલકથાઓમાં ગ્રામજીવન: એક અભ્યાસ (પસંદગીની કૃતિઓના સંદર્ભે)"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ મહાશોધનિબંધ તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. જશુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ અગાઉ તેમણે યુજીસી દ્વારા લેવામાં આવેલી આસિસ્ટન્ટ પ્રોફેસર માટેની નેશનલ એલિજીબીલીટી ટેસ્ટ તથા ગુજરાત સ્ટેટ દ્વારા લેવામાં આવેલી જીસેટ પરીક્ષા પણ પાસ કરી છે. આ સિદ્ધિ મેળવી તે માટે તેમને ઓલપાડ કોલેજ તથા દાહોદ કોલેજ પરિવારના સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.



વલસાડના દર્પણકુમાર બલ્લુભાઈ પટેલે, કેમીસ્ટ્રી વિષયમાં સંશોધન કરી "સીન્થેસીસ, કેરેક્ટરાઈઝેશન એન્ડ બાયોલોજીકલ ઈવેલ્યુએશન ઓફ નોવેલ થાયેઝોલીડીનોન, એઝીટીડીનોન, પાયરેઝોલીન એન્ડ ઈમીડેઝોલીન" વિષય પર તૈયાર કરેલ પીએચ.ડી. મહાનિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના આચાર્ય ડૉ. વિકાસ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ છે.



નવયુગ સાયન્સ કોલેજ, સરતના વિદ્યાર્થી શ્રી અજયકુમાર નાથુભાઈ પટેલને તેમના મહાશોધ નિબંધ "Corrosion Inhibition of mild steel in various acids"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની. પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેમણે નવયુગ સાયન્સ કોલેજના કેમેસ્ટ્રીના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ડૉ. જી. એમ. મલિકના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. નવયુગ સાયન્સ કોલેજના આચાર્ય શ્રી ડૉ. અશ્વિન એસ. પટેલ અને કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર મેહુલ ભરતભાઈ શાહએ તૈયાર કરેલા મહાશોધનિબંધ "ફાઈનાન્સિયલ પરફોમન્સ એનાલિસિસ: અ કમ્પેરેટિવ સ્ટડી ઓફ સિલેકટેડ કંપનીઝ ઓફ ફર્ટિલાઈઝર ઓફ ઈન્ડિયા"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેમણે અમરોલી કોલેજના આચાર્ય ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. આ સિદ્ધિ મેળવી તે માટે તેમને અમરોલી કોલેજ પરિવાર, સંસ્થાના ટ્રસ્ટીગણ તેમજ સ્ટાફ મિત્રોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત



ગુજરાતમિત્ર ૩૧ જુલાઈ, ૨૦૧૯

### વીએનએસજીયુના કોર્સ હવે વૈશ્વિક સ્તરના કરાશે, જ્ઞાનગંગા મહાઅધિવેશનનું આયોજન

**તા.** ૬,૭માં યુનિ.માં તમામ ફેકલ્ટીનો કોર્સ બદલવા માટે દેશના ખ્યાતનામ અધ્યાપકોને બોલાવાયા

**તમામ** લોકોના વ્યુ લેવામાં આવશે અને નવો કોર્સ તૈયાર કરવામાં આવશે

સુરત : વીએનએસજીયુ દ્વારા આવતી તા.૬ અને તા.૭ના રોજ જ્ઞાનગંગા અંતર્ગત મહાઅધિવેશન રાખવામાં આવ્યું છે. તેમાં બીકોમ, બીએ,બીબીએ, બીએસસી જેવા કોર્ષ કેવી રીતે બદલવો કે તેને વૈશ્વિક સ્તર વીએનએસજીયુને લઇ જઇ શકાય તેની પર બે દિવસ મહામંથન કરવામાં આવશે. આ નવતર પ્રયોગ પ્રથમ વખત વીએનએસજીયુમાં રાખવામાં આવ્યો છે. તેમાં પ્રવકતા મયુર ચૌહાણે રસપ્રદ વિગતો જણાવી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, આવતા વર્ષે વિદ્યાર્થીઓને અલગ અલગ વિષયોમાં નવો કોર્ષ જોવા મળશે. વીસી શિવેન્દ્ર ગુપ્તા આ કોર્ષ જૂનવાણીમાં નહી પરંતુ તદન નવા અભિગમ સાથે બદલવા માંગે છે. તેમાં દેશના જે તે વિષયોમાં તજજ્ઞો પાસે કેવી રીતે તેમના વિષયમાં કોર્ષ બદલવો કે જેથી વિદ્યાર્થી પ્રેકટિકલી પણ કામગીરી કરી શકે. તે મામલે તેઓના વ્યુ પર કોર્ષ બદલવામાં આવશે.

#### દેશમાં પ્રથમ વખત થનારું આ જ્ઞાનગંગા મહાઅધિવેશન શું છે?

- જ્ઞાનગંગા વિષયમાં દેશના ખ્યાતનામ અધ્યાપકો સુરત ખાતે આવશે.
- તેમાં ઇકોનોમી, પોલિટિકલ સાયન્સ, એકાઉન્ટ, કમ્પ્યૂટર, હિન્દી, સંસ્કૃત, કેમેસ્ટ્રી, ફીઝિકસ, કમ્પ્યૂટર, ઇન્ફોર્મેશન ટેકનોલોજી વગેરે વિષયોના નિષ્ણાતો બોલાવવામાં આવશે.
- બે દિવસમાં વિદ્યાર્થીઓનો કોર્ષ કેવો હોવો જોઇએ. તેની પર દેશના જાણીતા અધ્યાપકો વ્યૂ આપશે.
- દરેક ફેકલ્ટી ડીને તેના એક્સ્પર્ટ સાથે આ વ્યૂ પર ફોલોઅપ કરવું પડશે.
- આ માટે જે તે સ્પીચ પર સ્પેશયલ કમ્પ્યૂટર એક્સપર્ટ બેસાડવામાં આવશે.
- તેઓ આખા કાર્યક્રમનું નોટિંગ કરીને તેની ગાઇડ બનાવાશે.

#### કોર્સ વિદ્યાર્થીઓને સીધો ફાયદો કરે તે પ્રમાણે હશે

**વીસી** શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ આ કોર્ષ એવો હશે તેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓને સીધો ફાયદો થઇ શકે. અમે જૂનવાણી ઢબથી નવો અભ્યાસક્રમ લાગુ કરવા માંગતા નથી. વિદ્યાર્થીને આ કોર્ષ તેની નોકરીમાં તેને સીધી મદદ કરે તે પ્રમાણેનો રાખવા માટે અમે દેશના ખ્યાતનામ તજજ્ઞ બોલાવ્યા છે.

દૈનિક ભાસ્કર તા. ૧૧–૭–૨૦૧૯

**शिक्षा के लिए सहयोग** • अरुण ने ईंट भट्ठे पर भी काम किया, उनकी लगन देख कुलपति ने उठाया जिम्मा

# चपरासी ने 2 बार पास किया पीएचडी का एंट्रेंस टेस्ट, पैसे न होने से पिछले साल नहीं ले सका प्रवेश, अब कुलपति ने कहा- मैं दूंगा खर्च

एजुकेशन रिपोर्टर | सूरत

वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी में कुलपति के दफ्तर में प्यून का काम करने वाले अरुण वसावा ने लगातार दो बार पीएचडी का एंट्रेंस टेस्ट पास किया। आर्थिक तंगी की वजह से पिछली बार वह प्रवेश नहीं ले पाए थे। इस बार भी प्रवेश के लिए पैसों की समस्या आ रही थी। यह बात जब कुलपति शिवेंद्र गुप्ता को पता चली तो उन्होंने अरुण की पढ़ाई का खर्चा उठाने का जिम्मा लिया। अरुण काम के साथ पढ़ाई भी करते हैं। वह 3 साल से यूनिवर्सिटी में कांट्रेक्ट पर प्यून का काम कर रहे हैं। उन्होंने गुजराती से एमए किया है। वह तापी जिले के निझर तहसील में स्थित अपने घर पर खेती का काम करते थे। उन्हें पढ़ाई करने के लिए घर से 40 किमी दूर जाना पड़ता था। उसके बाद वह सूरत आ गए। उन्होंने पहले अलग-अलग जगहों पर सफाई का काम किया।



कुलपति शिवेंद्र गुप्ता के साथ अरुण वसावा।

### इस बार भी एडमिशन के लिए आ रही थी पैसे की समस्या

अरुण ने बताया, 2018 में पीएचडी का एंट्रेंस टेस्ट पास किया था, लेकिन पैसे की व्यवस्था नहीं हो पाई तो प्रवेश नहीं ले पाया। मेरे ऊपर परिवार चलाने की जिम्मेदारी है। 2019 में भी पीएचडी का एंट्रेंस टेस्ट पास कर लिया। 200 में से 110 मार्क्स हासिल किए, लेकिन इस बार भी प्रवेश के लिए पैसे नहीं थे। कुलपति शिवेंद्र गुप्ता को जब इसकी जानकारी मिली तो उन्होंने पढ़ाई का खर्चा उठाने की जिम्मेदारी ली। शिवेंद्र गुप्ता ने कहा कि मुझे पिछले वर्ष की जानकारी तो नहीं थी, लेकिन अब अरुण को मैं पढ़ाऊंगा और जो भी खर्च होगा उसे उठाऊंगा।

### घर की आर्थिक स्थिति पहले से खराब, पर पढ़ाई नहीं रोकी

अरुण के मुताबिक उन्हें पढ़ाई का बहुत शौक है। उनके घर की आर्थिक स्थिति पहले से ही खराब है, फिर भी पढ़ाई कभी रोकी नहीं। उन्होंने पोस्ट ग्रेजुएशन के दौरान भी वह घर चलाने के लिए कोई न कोई काम किया करते रहे। उन्होंने साइकिल की दुकान पर पंचर भी बनाया और ईंट भट्ठे पर भी काम किया। सूरत आकर भी उन्होंने लोगों के घरों में साफ-सफाई का काम किया। ये काम करते हुए भी उन्होंने अपनी पढ़ाई जारी रखी।

Times of India Dt. 15-7-2019

# *BArch student designs smart, eco-friendly int'l airport for Surat*

## Project Is Part Of 22-Year-Old's Final-Year Thesis

Ashleshaa Khurana

**Surat:** While Surat may not feature in the government's recent policy of planning second airports in India's major cities for now, there is no dearth of ideas in imagining one. However, it's a city of airport enthusiasts for sure. Taking this interest further a student of architecture, Parth Gabani, 22, pursuing BArch at VNSGU's with Architecture department, has prepared Surat International Airport as topic of his design thesis project in his final year.

"All other projects paled when compared to the idea of a much required, state-of-the-art International airport for South Gujarat," said Gabani, who prepared the design in a span of four and half months only.

"Although very complicated and challenging, I chose International terminal building as a design project. I researched on various current proposals of International airports in the country. I designed it for Surat because of the fast pace at which the city is constantly growing," he explained.

Gabani's design is a unique concept of a smart and eco-friendly airport that includes concepts like minimum energy consumption, optimum use of natural light, efficient water saving equipment, a solar farm and a garden within the terminal to alleviate commuters' stress.



An artist's impression of the proposed design for the airport

The designer wanted to ensure that the site would generate the energy it required with a sustainable architectural aspect. Keeping in mind the space, land and surrounding obstructions at the present airport, Gabani designed it with a parallel runway to ensure all these issues were taken care of.

"I chose Jalalpore taluka as the site since Surat and Navsari are twin cities along with better vehicular access from the highway and availability of land. Unlike metro cities where commuters may have to travel up to 40km for the second airport, this one is designed to have easy access via a bridge over Mindhola river and can be reserved now for a future airport under the PPP model," Gabani said.

While government officials and denizens have been mulling over the option of another airport in the future, RTI activist Rajesh Modi said, "As projected by the world economic forum, Surat is poised for stupendous growth from 2019 to 2035. The existing airport, even after its proposed expansion, will be insufficient to handle future demand and International air traffic since we have the Diamond Bourse coming up. Land reserved now will enable an enhanced design as per requirement such as parallel runways. Gabani's design is practical and a much-required futuristic plan."

Times of India Dt. 16-7-2019

# VNSGU prof appointed member of National Statistical Commission

Times News Network

**Surat**: Dr Kiran Pandya, head of department of human resource development (HRD), Veer Narmad South Gujarat University (VNSGU), has been appointed as member of National Statistical Commission (NSC). This is first time that a researcher and academician from the state has been appointed as NSC member.

Professor Bimal Roy, head of R C Bose Centre for Cryptology and Security, Indian Statistical Institute, Kolkata is chairman of NSC. Pulak Ghosh, professor, data centre and analytics laboratory, IIM Bangalore, and Gurucharan Manna, professor, Institute for Human Development, are other members of NSC.

Gaurang Joshi



Kiran Pandya is the first researcher from the state to have been appointed as NSC member

The central government appoints NSC members for a term of three years on the recommendation of a search committee. NSC, a four-member advisory body to central government on statistical matters, initiates research projects, prepares reports and identifies the core statistics of national importance, which are critical for the development of economy.

"The commission has wider role and academicians are appointed to it to carry out research in the area of statistics. I will be focusing on health, education and environment," said Pandya.

After schooling at Sigam village of Bharuch district, Pandya did his higher studies at MS University, Vadodara and Gokhale Institute of Politics and Economics, Pune and received PhD from University of Sussex, England.

સંદેશ તા. ૨૭–૭–૨૦૧૯

GPSCમાં ઝળકેલા સુરતના બે વિદ્યાર્થીઓનું યુનિ.માં બહુમાન

# 'સફળતા-નિષ્ફળતા સિક્કાની બે બાજુ, નિરાશ થઈ બેસી રહેવું સૌથી મોટી હાર'

## ૬ લાખનું પેકેજ છોડી જીપીએસસીની તૈયારી શરૂ કરી : અંકિત ગોહિલ

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા આઈએએસ-આઈપીએસ ટ્રેનિંગ સેન્ટરમાં શુક્રવારે ૨૦૧૯-૨૦ના નવા વર્ગોની શરૂઆત થઈ હતી. દરમિયાન ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવામાં આવેલી વર્ગ-૧ના અધિકારીઓની પરીક્ષામાં ઝળકેલા સુરતના બે વિદ્યાર્થીઓ અંકિત ગોહિલ અને તૃપ્તિ પટેલનું બહુમાન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો.શિવેન્દ્ર ગુપ્તા, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો.અરવિંદ ધડુક અને ટ્રેનિંગ સેન્ટરના કો-ઓર્ડિનેટર ડો.સતિષ પટેલે હાજરી આપી હતી.

જીપીએસસી દ્વારા ૨૦૧૮-૧૯ના બેચ માટે લેવાયેલી વર્ગ-૧ના અધિકારીઓની પરીક્ષામાં સુરતનો અંકિત પીયૂષભાઈ ગોહિલ રાજ્યમાં



પ્રથમ ક્રમે અને તૃપ્તિ પટેલ રાજ્યમાં ૧૭મા ક્રમે ઝળક્યા હતા. બન્ને વિદ્યાર્થીઓની ડેપ્યુટી કલેક્ટર તરીકે પસંદગી થઈ છે. બન્ને વિદ્યાર્થીઓનું શુક્રવારે યુનિવર્સિટીમાં બહુમાન થવાની સાથે જ તેઓએ પોતાની સફળતા અંગે વાતો કરી હતી. દરમિયાન અંકિત ગોહિલે જણાવ્યું હતું કે, મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યા બાદ મને વાર્ષિક ૬ લાખના પેકેજની નોકરી મળી હતી. પરંતુ તે છોડીને સિવિલ સર્વિસિસ એક્ઝામ આપવાનું નિર્ધારીત કર્યુ હતું. યુપીએસસીમાં બે વાર નિષ્ફળ ગયા બાદ જીપીએસસીમાં પ્રથમ પ્રયાસે પાસ થયો છું. મારા મતે સફળતા અને નિષ્ફળતા સિક્કાની બે બાજુ છે, પરંતુ નિરાશ થવું એ વ્યક્તિની સૌથી મોટી હાર ગણી શકાય.

સમારોહમાં તૃપ્તિ પટેલે જણાવ્યું હતું કે, જીપીએસસીમાં ત્રીજા પ્રયાસે પાસ થઈ છું. સુરતમાં રહીને જ પરીક્ષાની તૈયારી કરી હતી. પ્રિલીમ, મેઈન અને ઈન્ટરવ્યુ એ ત્રણેયની સરખી તૈયારી કરી હતી. સફળતા માટે લક્ષ્યાંક નિર્ધારીત હોવું જરૂરી છે. જ્યારે મુખ્ય વક્તા તરીકે કુલપતિ ડો.શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, હંમેશા પોતાનો અલગ રસ્તો બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સામાન્ય લોકો જે રસ્તો કે માર્ગનો ઉપયોગ કરે છે તેનો ઉપયોગ કરશો તો તમે પણ સામાન્ય ગણાશો.

## 'વ્યક્તિત્વવિકાસઃ' પ્રાર્થના

હે સત્ય, મારા આ અંતરાત્મામાં જ તું અંતહીન સત્ય છે–તું છે. આ આત્મામાં તું છે એનો દેશમાં કાળમાં ગંભીરતામાં નિબિડતામાં કોઈ પાર નથી. આ આત્મા અનંતકાળથી આ મંત્ર બોલતો આવે છે – **सत्यम्** । તું છે, તું જ છે. આત્માના અથાગ ઊંડાણમાંથી આ જે મંત્ર ગાજી ઊઠે છે, તે તારા મનના અને સંસારના બધા શબ્દોને ભરી દઈને તે બધાની ઉપર ગાજી ઊઠો – **सत्यम् सत्यम् सत्यम्** । સત્યમાં મને લઈ જાઓ – તે મારા અંતરાત્માના ગૂઢતમ સત્યમાં–જ્યાં 'તું છે' સિવાય બીજો કોઈ શબ્દ નથી. હે જ્યોતિર્મય, મારા ચિદાકાશમાં તું **ज्योतिषां ज्योतिः** છે. તારા અનંત આકાશના

કોટિ કોટિ સૂર્યલોકમાં જે જ્યોતિ સમાતો નથી, તે જ્યોતિથી મારો અંતરાત્મા ચૈતન્યથી ઝળહળી રહેલો છે, તે મારા અંતરાત્માની વચ્ચે ઊભો રાખીને મને માથાથી તે પગ સુધી પ્રદીપ્ત પવિત્રતાથી ધોઈ નાખો, મને જ્યોતિર્મય બનાવો, મારાં બીજાં બધાં પરિવેષ્ટનોને સંપૂર્ણપણે ભૂલી જઈને તે શુભ્ર શુદ્ધ અપાપવિદ્ધ જ્યોતિઃ શરીરને પામું એમ કરો.

હે અમૃતસ્વરૂપ, મારા અંતરાત્માના એકાંત ધામમાં તું **आनन्दं परमानन्दम्** છે. ત્યાં કોઈ કાળે મારા મિલનનો અંત નથી. ત્યાં તું કેવળ છે જ એમ નહિ. તું મળે છે, ત્યાં તારું કેવળ સત્ય નથી, ત્યાં તારો આનંદ છે. એ જ તારા અનંત આનંદને તેં તારા જગતસંસારમાં ફેલાવી દીધો છે. ગતિમાં, પ્રાણમાં, સૌંદર્યમાં તે કેમે કર્યો ખૂટતો નથી, અનન્ત આકાશમાં તે કયાંય સમાતો નથી. તે તારા સીમાહીન આનંદને જ મારા અંતરાત્મા ઉપર મેં સ્થિર કરીને રાખ્યો છે. ત્યાં તારી સૃષ્ટિના કોઈને પ્રવેશ કરવા દીધો નથી; ત્યાં પ્રકાશ નથી, રૂપ નથી, ગતિ નથી; કેવળ નિસ્તબ્ધ નિબિડ એવો તારો આનંદ જ છે. એ આનંદધામની વચમાં ઊભો રહીને હે પ્રભુ ! તું એક હાક માર. હું ચારે કોર વેરવિખેર થઈ ગયેલો છું, તારું અમૃત આહ્‌વાન મારા સંસારમાં સર્વત્ર ધ્વનિત, પ્રતિધ્વનિત થાઓ, અતિ દૂર દૂર ચાલ્યું જાઓ, અત્યંત ગોપન પ્રદેશમાં પ્રવેશ કરો. હું જાણે બધી દિશાઓમાંથી 'આવ્યો આવ્યો' કહીને જવાબ દઉં. હાક મારો – અરે એ આવ. એ અંતરાત્માના અનંત આનંદધામમાં મારું જે કંઈ છે તે બધું જ એક જગ્યાએ, એક થઈને, સ્થિર થઈને, ચૂપ થઈને બેસો – ખૂબ ઊંડાણમાં ખૂબ ગુપ્તભાવે.

હે પ્રકાશ ! તારા પ્રકાશ વડે મને બિલકુલ ખલાસ કરી નાખ – મારું કશું જ બાકી રાખીશ નહિ. કશું જ નહિ, અહંકાર તો લેશ પણ નહિ. મને બિલકુલ તું – મય બનાવી દે. કેવળ તું, તું, તુંમય, કેવળ તુંમય જ્યોતિ, તુંમય આનંદ.

હે રુદ્ર, પાપ બળીને ભસ્મ થઈ જાઓ. તારો પ્રચંડ તાપ ફેલાવ. કયાંક કશું છુપાઈ ન રહો, મૂળિયાથી માંડીને બીજભર્યાં ફળ સુધી બધું બળી જાઓ. એ બહુ દિવસોના બહુ પ્રયત્નોનું ફળ ડાળીને સાંધે સાંધે અને પાંદડે – પાંદડાની પાછળ ફળી રહ્યું છે. એનાં મૂળ હૃદયના રસાતળ સુધી ઊંડાં ઊતરી ગયાં છે. તારા રુદ્ર તાપ માટે એવાં ઈંધણ બીજાં મળવાનાં નથી. જ્યારે એ બળશે ત્યારે જ એ સાર્થક થશે. ત્યારે પ્રકાશમાં એનો અંત આવશે.

ત્યાર પછી હે પ્રસન્ન, તારી પ્રસન્નતા મારા બધા વિચારોમાં, વચનોમાં, કાર્યોમાં ફેલાતી રહો, મારા સમસ્ત શરીરના રોમેરોમે તે તારી પરમ પુલકમય પ્રસન્નતા પ્રવેશ કરીને આ શરીરને ભાગવતી તનુ બનાવી દો. જગતમાં આ શરીર તારા પ્રસાદ–અમૃતનું પવિત્ર પાત્ર બનીને વિરાજી રહો. તારી તે પ્રસન્નતા મારી બુદ્ધિને પ્રશાન્ત કરો. હૃદયને પવિત્ર કરો, શકિતને મંગલ કરો. તારી પ્રસન્નતા તારા વિચ્છેદના સંકટમાંથી મારું સદા રક્ષણ કરો. તારી પ્રસન્નતા મારા ચિરંતન અંતરનું ધન બનીને મારા ચિરંજીવનપથનું ભાથું બની રહો. મારા જ અંતરાત્મામાં તારું જે સત્ય, તારી જે જ્યોતિ, તારું જે અમૃત, તારો જે પ્રકાશ રહ્યો છે તેને તારી પ્રસન્નતા વડે જ્યારે અનુભવીશ ત્યારે જ મારો ઉદ્ધાર થશે.

– રવીન્દ્રનાથ ઠાકુર

(સાભારઃ પ્રવચન શાંતિનિકેતન. અનુ.: નગીનદાસ પારેખ.)

विश्वास मात्र एक बौध्धिक प्रक्रिया नहीं है, विश्वास मन का एक बहकाव मात्र भी नहीं है, विश्वास एक ऐसी वस्तु है जो हमारे हृदय में रहती है और जिस बात का तुम विश्वास करते हो उसे तुम्हें करना ही चाहिए क्योंकि विश्वास ईश्वर की देन है। हृदय से ही ईश्वर बात करता है, हृदय में ही ईश्वर का वास है।

– श्री अरविंद

**Chief Editor: Dr.K.C.Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr.B.J.Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Shri A.V.Dhaduk**
I/c Registrar
Veer Narmad South Gujarat University
Surat.

**Type and Setting by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**